જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૧૨/૨૦૧૭ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૪૫૪/૧૭

## પશુ ઘાતકી વર્તન અટકાવવા માટેના ગુનામાં છેલ્લા સાત વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી અમદાવાદ શહેર એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ

સંયુક્ત પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથામદદનીશ પોલીસ કમીશનર શ્રી એસ.ઓ.જી.ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ મીલકત સબંધી બનેલ ગુન્હાઓ શોધી કાઢવા તેમજ નાસતા ફરતા આરોપીઓ પકડવા તેમજ એસ.ઓ.જી.ના હેડને લગતી કામગીરી કરવા સારું આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં એસ.ઓ.જી.ના પોસઇ શ્રી વી.એચ.જાડેજા તથા પોસઇ શ્રી એમ.કે.ઝાલા તથા પોસઇ શ્રી બી.ડી.ભટ્ટ નાઓની ટીમ પેટ્રોલીંગમાં હતી. દરમ્યાનહે.કો.નારસિંહ રામસિંહ તથા પો.કો.જીતેન્દ્રકુમાર ત્રિકમલાલ નાઓએ આપેલ બાતમી હકીકત આધારે અમદાવાદ શહેર જશોદાનગર ચાર રસ્તા પાસેથી આરોપી સરફરાજખાન અશરફખાન પઠાણ ઉ.વ.૩૨ ધંધોઃડ્રાઇવીંગ રહે, બ્લોક નં.૨૨, રૂમ નં.૬૯૪, ચાર માળીયાં, સદભાવના પોલીસ ચોકી સામે, વટવા, અમદાવાદ શહેર વાળાને ઝડપી લેવામાં આવેલ. જેની પુછપરછ કરતાં આજથી સાતેક વર્ષ અગાઉ પશુઓની કતલ કરવાના પશુ પ્રત્યે ઘાતકીપણાના ગુનામાં નાસતો ફરતો હોવાની હકીકત જણાવેલ.ઉપરોકત બાબતે તપાસ કરાવતાંબોટાદ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.ન.૧૬/૧૦ પશુ પ્રત્યે ઘાતકીપણું ૧૧(૧) મુજબનોગુનો દાખલ થયેલ હોય અને સદર આરોપી વોન્ટેડ હોય સદરી આરોપીને આજરોજ તા.૦૭/૧૨/૨૦૧૭ ના કલાક૧૨/૦૦વાગે સીઆરપીસી કલમ ૪૧(૧)આઇ મુજબ પકડી અટક કરીવધું તપાસ અર્થે બોટાદ પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

**<u>પેસેન્જર તરીકે રીક્ષામાં બેસાડી નજર ચુકવી ચોરી કરી લેતી ટોળકીને પકડી પાડતી</u>**

**<u>સાયબર ક્રાઇમ સેલ ક્રાઇમ બ્રાન્ચ.</u>**

સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રીજે.કે.ભટ્ટ સા. તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સા. તથા અધિક નાયબ પોલીસ કમિશ્નરશ્રી ડૉ.રાજદીપસિંહ ઝાલા સા. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ મિલકત તેમજ શરીર સંબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ સુચના આપેલ જે સુચના આધારે પોલીસ ઇન્સપેકટર શ્રી પી.જી.સરવૈયા નાઓના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ.શ્રી આર.કે.સોલંકી તથા પોસ.ઇ.શ્રી એમ.એચ.શિણોલ, પો.સ.ઇ. શ્રી એસ.વી.ગળચર તથા સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં નિકળેલ દરમ્યાન સાથેના સ્ટાફના પોકો અજય રામચંન્દ્ર તથા પોકો ભગવતસિંહ હરીસિંહ નાઓને બાતમી હકિકત મળેલ કે, અમદાવાદ શહેરમાં બહારથી આવતાં માણસોને પેસેન્જર તરીકે બેસાડી તેઓને વાતોમાં ભોળવી તેઓના સામાનમાંથી ચોરી કરી લેતી ગેંગના માણસોએ કોઇ પેસેન્જરનો સામાન ચોરી કરી લીધેલ જે માલ વેચવા માટે ઓટોરીક્ષામાં ફરી રહેલ છે.જે ચોક્કસ બાતમી મળતાં બાતમી આધારે સમ્રાટનગર, નારોલ હાઇવેખાતે વાંચ ગોઠવી (૧)અબ્દુલસત્તાર અબ્દુલજાફર શેખ ઉવ.૨૫ રહે.પીર હેબતખાનની ચાલી, શાકમાર્કેટની પાછળ, કાલુપુર અમદાવાદ શહેર (૨) અબ્દુલરઝાક ઉર્ફે ભૈયુ S/O મોહંમદઇસ્માઇલ શેખ ઉવ૪૨ રહે.બાબુભાઇ લક્ષાવાળાની ચાલી, રાજ સ્ટોર્સની સામે, કાલુપુર દરવાજા પાસે કાલુપુર અમદાવાદ શહેર. (૩) સિકંદર જમાલભાઇ જેડુ ઉવ.૩૦ રહે. યુસરા ડુપ્લેક્ષ માઝ – ૨, ની બાજુમાં ફતેહવાડી કેનાલની પાછળ, વેજલપુર અમદાવાદ શહેર (૪) જફર સમદભાઇ ભિસ્તી ઉવ.૪૨ રહે.પરમાનંદ પટેલની ચાલી, હંજર સિનેમા પાસે, મીટરગેજ રોડ, સરસપુર અમદાવાદ શહેર નાઓને પકડી લીધેલ જેઓની અંગ ઝડતી કરતાં તેઓની પાસેથી સોનાની વીંટીઓ, કાનશેર, બુટ્ટીઓ વિગેરે ચીજ વસ્તુઓ મળી આવેલ જેથી તેઓની સઘન પુછપરછ કરતાં આરોપીઓએ બે એક માસ સગાઉ એક દંપની રીક્ષાની રાહ જોઇ ઉભેલ હતા અને તેઓને નરોડા જવાનુ હોય આ ચારેય ઇસમોએ દંપતિ પૈકી સ્ત્રીને પાછળ બેસાડેલ અને તેઓની પાસેના થેલા પગ પાસે મુકાવેલ આ દરમ્યાન બે જણાએ આડ કરી રાખી બેનને વાતો માં રાખી તેઓની નજર ચુકવતાં આ કામના મુખ્ય આરોપી અબ્દુલરઝાક ઉર્ફે ભૈયુભાઇ નાએ ચાલાકીથી આ બેનના થેલામાંથી રોકડ રકમ તથા દાગીના કાઢી લઇ તેઓને બહાનુ બતાવી ઉતારી દિધેલ જેથી આ બાબતે તપાસ કરતાં રામોલ પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટ ગુ.ર.નં. ૨૪૫/૨૦૧૭ ઇપીકો કલમ ૩૭૯, ૧૧૪ મુજબનો દાખલ થયેલ હોય જેથી ઉપરોક્ત ચારેય ઇસમોને પકડી પાડી તેઓની પાસે રીક્ષા, મોબાઇલ ફોન, તેમજ દાગીના સહિત કુલ રૂ.૧,૦૯,૦૦૦/- નો મુદામાલ રીકવર કરેલ છે.

આરોપીઓ આવા જ પ્રકારના ગુનાઓને અગાઉ પણ અંજામ આપી ચુકેલ છે અને ઘણી વખત પોલીસમાં પકડાઇ જતાં તેઓને પાસા હેઠળ જેલમાં મોકલી આપેલ હોવા છતાં તેઓ છુટી આવી પોતાની આવી ગેરકાયદેસરની પ્રવૃત્તિ ચાલુ રાખેલ છે જેથી જેલમાંથી છુટ્યા બાદ આ આરોપીઓએ કેટલા ગુનાને અંજામ આપી કેટ્લા લોકોનો માલ ચોરી લીધેલ છે તે દિશામાં તપાસ ચાલુ છે. હાલ તો પકડાયેલ આરોપીઓ વિરૂદ્ધ રામોલ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયેલ હોય આરોપીઓને રામોલ પોલીસ સ્ટેશન સોંપેલ છે. પરંતુ આ આરોપીઓના પકડાવવાથી ઘણા ગુનાઓનો ભેદ ઉકેલી શકાય તેવી શક્યતા રહેલી છે.

**દિવાળીની રાતના લુંટના ઇરાદે બે ઇસમોના મોત નિપજાવનાર ઇસમ સીવીલ હોસ્પિટલમાં સારવાર માટે લાવેલ તે દરમ્યાન પોલીસની નજર ચુકવી ભાગી ગયેલ જે ઇસમને ગણતરીના કલાકોમાં જ પકડી પાડતી અમદાવાદ શહેર એસ.ઓ.જી. ક્રાઇમબ્રાન્ચ**

ગઇ તા.૧૯/૧૦/૨૦૧૭ ના રોજ દિવાળીના રાતના સમયે બોડકદેવ ઇસ્કોનથી આંબલી બોપલ બી.આર.ટી.એસ. રોડ પાસે હોટલ લેન્ડમાર્ક નજીક નેચરલ કોર્નર સોસાયટી તથા શાંતા બંગલોઝના કંમ્પાઉન્ડ હોલની વચ્ચેના કાચા રોડ ઉપર બે ઇસમોનું મર્ડર થયેલજે સબંધે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ફ.ગુ.ર.નં.૨૬૪/૨૦૧૭ ધી ઇપીકો કલમ ૩૦૨, ૧૧૪ તથા જીપીએક્ટ કલમ ૧૩૫ (૧) મુજબનો ગુનો નોંધાયેલજે ગુનામાં આરોપી પ્રસનજીત s/o કાન્તા મંડલ ઉવ.૨૦ ધંધો:મજુરી રહે, હાલ રહે, સાબમરતી મધ્યસ્થ જેલ, અમદાવાદ શહેર મુળ રહે અર્જુનપુર શીબનગર, જી.મુર્શીદાબાદ, વેસ્ટ બંગાલને અગાઉ એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચની ટીમે તા.૨૫/૧૦/૨૦૧૭ ના ધરપકડ કરી ડબલ મર્ડરના ગુનાનો ભેદ ઉકેલી સાબરમતી મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપેલ હતો.

આજરોજ આ આરોપીને સાબરમતી મધ્યસ્થ જેલ ખાતેથી કેદી જાપ્તાં સાથે સારવાર માટે સીવીલ હોસ્પિટલમાં લાવવામાં આવેલ હતો અને આરોપીએ પોલીસની નઝર ચુકવી પેશાબ કરવાના બહાને ટોઇલેટમાં જઇ દિવાલ કુદી નાસી ગયેલ. જે બાબતે શાહીબાગ પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૩૨૯/૧૭ ઇપીકો કલમ ૨૨૪મુજબનો ગુનો દાખલ થયેલ.

જેથી આ આરોપીને પકડી પાડવા સારું સંયુક્ત પોલીસ કમિશનર શ્રી જે.કે.ભટ્ટ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી બી.સી.સોલંકી નાઓએ સુચના આપેલ. અને ગીતા મંદિર એસ.ટી.સ્ટેન્ડ, કાલુપુર રેલ્વે સ્ટેશન તેમજ આરોપી મળી આવવા સંભવિત સ્થળો ઉપર નાકાબંધી તેમજ વોચ કરવા જરુરી સુચનાઓ આપેલ. જે અનુસંધાને પોલીસ ઇન્સ્પેકટર શ્રી વી.આર.મલ્હોત્રા એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ પોસઇ શ્રી વી.એચ.જાડેજા તથા પોસઇ શ્રી એમ.કે.ઝાલા તથા પોસઇ શ્રી બી.ડી.ભટ્ટ તથા સ્ટાફના માણસોની એક ટીમ બનાવવામાં આવેલ.

આજરોજ ઉપરોકત ટીમ તપાસમાં હતી દરમ્યાન સાથેના હે.કો. પ્રફુલકુમાર રામજીભાઇ તથા પો.કો.વિજયસિંહ બળવંતસિંહ તથા પો.કો.વિજેન્દ્ર ભંવરલાલ નાઓએ આપેલ સંયુક્ત બાતમી હકીકત આધારે અમદાવાદ શહેર કાલુપુર રેલ્વે સ્ટેશન ગેટ નં૦૧પાસેથી ઉપરોકત આરોપીને ગણતરીના કલાકોમાં ઝડપી લેવામાં આવેલ છે. જેની વિરુધ્ધમાં શાહીબાગ પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૩૨૯/૧૭ ઇપીકો કલમ ૨૨૪ મુજબનો ગુનો નોંધાયેલ હોય આરોપીને આજરોજ તા.૦૬/૧૨/૨૦૧૭ ના રોજ સીઆરપીસી કલમ ૪૧(૧) આઇ મુજબ અટક કરી આગળની વધુ તપાસ અર્થે આરોપીને શાહીબાગ પોલીસ સ્ટેશન મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે.આ આરોપી અગાઉ તેના વતનમાં મારામારીના ગુનાઓમાં બે ત્રણ વખત પકડાયેલ છે.

## સને – ૨૦૧૬ થી નાશતા ફરતાં આરોપીને પકડી પાડતી સાયબર ક્રાઇમ સેલ ક્રાઇમ બ્રાન્ચ.

સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રીજે.કે.ભટ્ટ સા. તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સા. તથા અધિક નાયબ પોલીસ કમિશ્નરશ્રી ડૉ.રાજદીપસિંહ ઝાલા સા. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ આગામી ઇલેક્શન અનુસંધાને વૉન્ટેડ ઇસમો પકડી પાડવા સારૂ તેમજ મિલકત તેમજ શરીર સંબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ સુચના આપેલ જે સુચનાઆધારે પોલીસ ઇન્સપેકટર શ્રી પી.જી.સરવૈયા નાઓના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ.શ્રી આર.કે.સોલંકી તથા પોસ.ઇ.શ્રી એમ.એચ.શિણોલ, પો.સ.ઇ. શ્રી એસ.વી.ગળચર તથા સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં નિકળેલ દરમ્યાન સાથેના સ્ટાફના પોકો રસિકલાલ કાળાજીનાઓને બાતમી હકિકત મળેલ કે, એક ઇસમ કે જે સને – ૨૦૧૬ થી પોલીસને હાથ તાળી આપી નાશતો ફરતો અઠંગ જુગારી દિપક કાંતિલાલ શાહ નાઓ અત્રે અમદાવાદમાં આવેલ છે. જે ચોક્કસ બાતમી આધારે વૉચ ગોઠવી જમાલપુર બ્રીજ નીચેથી આરોપી દિપકભાઇ કાન્તિલાલ શાહ રહેવાસી – સી/૧૦, આમ્રપાલી સોસાયટી, ગીરધરનગર, શાહીબાગ, અમદાવાદ શહેર નાનેઆજરોજ તા.૦૬/૧૨/૨૦૧૭ ના કલાક;- ૧૬/૦૦ વાગે પકડી પાડી આરોપીની પુછપરછ કરતાં આરોપી અગાઉ જુગારના ઘણા કેસોમાં પકડાઇ ચુકેલ છે અને હાલમાં પણ વૉન્ટેડ છે જેથી સદરહુ આરોપીને ધોરણસર અટક કરી હાલ તે નવરંગપુરા પોલીસ સ્ટેશનના ગુર.નં. ૩૦૨૬/૨૦૧૬ જુગાર ધારા કલમ – ૪, ૫ મુજબના કામે વૉન્ટેડ હોય નવરંગપુરા પોલીસ સ્ટેશન સોંપવા તજવીજ કરેલ છે.

**વેજલપુર પોલીસ સ્ટેશન :**

### સને ૨૦૦૮ ના ગુન્હામાં નાસ્તો ફરતો વોન્ટેડ આરોપી પકડી પાડતી વેજલપુર પોલીસ

આજરોજ સંયુકત પોલીસ કમીશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમીશ્નર ઝોન ૭ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશ્નર શ્રી એમ વિભાગ અમદાવાદ શહેર નાઓની સુચના કરેલ કે અમદાવાદ શહેરમાં નાસ્તા ફરતા/પેરોલ ફર્લોના આરોપી પકડવા સુચના આપેલ જેથી સીનીયર પોલીસ ઈન્સ્પેકટર સા શ્રી એ વી પટેલ સા ના સીધા માર્ગદર્શન હેઠળ પો સબ ઈન્સ પી એન ખોખરા સાહેબ તથા બીજા સ્ટાફના માણસો પો સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા પો સબ ઈન્સ પી એન ખોખરા સાહેબ નાઓને બાતમી હકિકત આધારે આરોપી નામે ધર્મેશભાઈ દિનેશભાઈ પ્રજાપતી ઉવ ૩૯ રહે મનં ૧૧ સારથી બંગ્લોઝ કલોલ રોડ ચાંદખેડા અમદાવાદ શહેર નાઓનો વેજલપુર ફસ્ટ ગુ ર નં ૭૫/૨૦૦૮ ધી ઈ પી કો કલમ ૪૦૬,૪૨૦,૪૦૩,૪૬૭,૪૬૮,૪૭૧,૧૧૪ મુજબના કામે નાસ્તો ફરતો હોય જેથી સદરી આરોપીને ઉપરોક્ત ગુન્હામાં આજરોજ તા ૦૬/૧૨/૧૭ ના કલાક- ૨૧/૦૦ વાગે પકડી અટક કરી પ્રશનીય તથા ઉમદા કામગીરી કરેલ છે તા

**રખિયાલ પોલીસ સ્ટેશન :**

## AMTS તથા BRTS મા ચોરી કરતી ટોળકી પૈકી એક આરોપણની પાસા હેઠળ અટકાયત કરવા બાબત મિલકત સંબંધી

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર -૦૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૦૫ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એચ" ડીવીઝન નાઓની આગામી ગુજરાત વિધાનસભા સામાન્ય ચુટણી ૨૦૧૭ અનુસંધાને અસામાજિક તત્વો તથા મિલકત સંબંધી ગુનેગારો ઉપર અટકાયતી પગલાની ઝુંબેશ હાથ ધરી વધુમા વધુ અટકાયતી પગલા લેવાની આપેલ સુચના અનુસાર રખિયાલ પોલીસ સ્ટેશના સિની. પોલીસ ઇન્સપેકટર શ્રી સી.આર. રાણા નાઓ દ્વારા ચોરીના ગુનામા પકડાયેલ રાજેશ્વરી ઉર્ફે બડી રાજુભાઈ રામચંન્દ્ર ઉ.વ.૨૫ રહે.- કેકાડીવાસ કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર નાઓ વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરના અસામાજિક પ્રવૃતિ અટકાવવા ધી ગુજરાત અસામાજિક પ્રવૃતિ પ્રતિબંધક ધારા ૧૯૮૫ ની કલમ ૩(૨) પાસા હેઠળ અટકાયતમા લેવાનો હુકમ કરતા આજરોજ તા-૦૬/૧૨/૨૦૧૭ ના રોજ પાસા હેઠળ અટકાયત કરી હુકમ નં-પી.સી.બી./ડી.ટી.એન./પાસા/ ૯૬૧/૧૨ તા.૬/૧૨/૨૦૧૭ ના હુકમ આધારે બજવણી કરી જામનગર જેલ ખાતે મોકલી આપવામા આવેલ છે .

**શાહીબાગ પોલીસ સ્ટેશન :**

તા.૦૬/૧૨/૨૦૧૭ ના રોજ અમોએ તથા સ્ટાફના માણસો સાથે શાહીબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમીયાન પાસા વોરંટ વાળા ઇસમ કુશાલ S/O હસમુખભાઇ મોદી ઉ.વ.૨૩ રહે-ગોગા મહારાજની ચાલી, રાજાવીર સોસાયટી રોડ, રાજુભાઇ રબારીના મકાનમાં ઠકકરબાપાનગર અમદાવાદ શહેર તથા હાલ રહે-ઔડાના મકાનમાં, શુકન બંગ્લોઝની બાજુમાં, નરોડા અમદાવાદ શહેર. મુળવતન-ગામ.વરસોડા તા.જી.ગાંધીનગર નાનો નાસતો ફરતો હોય જે મળી આવતાં સદરીને પકડી પાસા વોરંટની બજવણી કરી જાપ્તા સાથે ખાસ જેલ, પાલરા, ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

**જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ**




**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**